# તમારું બાળક પોકેટમનીનું શું કરે છે...?

ઘણાં પેરેન્ટ્સ બાળક 7થી 8 વર્ષનું થાય એટલે તેને પોકેટમની આપવાનું શરૂ કરે છે. બાળકને ચોકેલટ લેવી હોય કે પછી પેન્સિલ, રબર જેવી નાની નાની સ્ટેશનરી લેવી હોય તે માટે પોકેટમની આપવાનું શરૂ કરાતું હોય છે. શરૂઆતમાં તેને પોકેટમની તરીકે બહુ ઓછી રકમ આપવામાં આવે છે ત્યાર બાદ બાળક જેમ જેમ મોટું થતું જાય, તેની જરૂરિયાત વધતી જાય તે પ્રમાણે આ રકમ વધારવામાં આવતી હોય છે. બાળકને પોકેટમની આપવા પાછળનો મુખ્ય ઉદ્દેશ બાળપણથી જ તેને નાણાંકીય વ્યવહારની સમજ પડે, ક્યાં કેટલો ખર્ચ કરવો તેની સમજ કેળવે, બચતનો ગુણ શીખે, તેઓ પૈસાના યોગ્ય ઉપયોગ માટે બજેટ બનાવતા શીખે એ છે. એક અભ્યાસ પ્રમાણે ભારતમાં લગભગ 30% કિશોરકિશોરીઓ પોતાને મળતાં પોકેટમની બચાવે છે. જ્યારે 70% પૈસા કમાવાના તરીકા શોધે છે. ઓનલાઈન પેમેન્ટ સુવિધાને કારણે માતા-પિતા પણ બાળકોના ખર્ચા પર નજર રાખી શકે છે. હવે તો એવું પણ ચિત્ર જોવા મળી રહ્યું છે કે પેરેન્ટ્સ બાળકોને વગર કામના પૈસા પોકેટમની તરીકે આપવાના બદલે ઘરનાં નાનાં નાનાં કામો માટે બાળકોને સેલેરી આપવાનો વિકલ્પ પસંદ કરી રહ્યાં છે. આમ તો પોકેટમનીનો અર્થ બાળકોને પૈસાનું મેનેજમેન્ટ કરતા શીખવાડવું અને દરેક વખતે પેરેન્ટ્સ પાસે નાના નાના ખર્ચ માટે પૈસા માંગે તે કરતાં તેને અમુક નક્કી કરેલી રકમ આપવામાં આવે તો તેટલા પૂરતું બાળક આત્મનિર્ભર બને અને બજેટ પ્રમાણે તેની જરૂરિયાતની પ્રાથમિકતા નક્કી કરતા શીખે. જો કે બાળકને પોકેટમની આપવાની આદત પાડતા પહેલાં એ ધ્યાન રાખવું પણ જરૂરી છે કે બાળકો ફાલતુ ખર્ચ ના કરે. સુરતના લોકો પોતાનાં બાળકોને પોકેટમની આપે છે ખરા, આપે છે તો કેટલી રકમ, તેમાંથી બાળકો કયા ખર્ચા કરે છે, બચત કરે છે, બાળકો પોકેટમનીના ખર્ચનો હિસાબ માતાપિતાને આપે છે, તેનો દૂરઉપયોગ નથી કરતાંને તેની તકેદારી પેરેન્ટસ રાખે છે ખરાં? આ બધા સવાલોના જવાબ કેટલાંક પેરેન્ટ્સ અને કેટલાંક બાળકો પાસેથી મેળવીએ...





## હું ઇલેક્ટ્રિક બાઇક લેવા માંગું છું એના માટે પૈસા બચાવું છું: શાઈની જૈન

‘‘મારા સેવિંગ્સમાંથી એક ઇલેક્ટ્રિક બાઇક એકબે વર્ષમાં લેવાનું મારું ડ્રીમ છે એટલે હું મને દર મહિને અઢી હજાર રૂપિયા પોકેટમની મળે છે તેમાંથી મોટાભાગના પૈસાનું સેવિંગ્સ કરું છું.’’ આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 17 વર્ષનાં શાઇની જૈનના. શાઇનીએ હમણાં જ 12મા ધોરણની પરીક્ષા પાસ કરી છે. તેણે જણાવ્યું કે, ‘‘મારા ફાધર મને છેલ્લાં ત્રણ વર્ષથી અઢી હજાર રૂપિયા પોકેટમની આપે છે. મને મિત્રો સાથે કાફેઝમાં મેક્સિકન, થાઇ ફૂડનો ટેસ્ટ લેવો ગમે છે એટલે મિત્રો સાથે કાફેમાં ફૂડ એન્જોય કરવા માટેના પૈસા હું પોકેટમનીમાંથી કાઢું છું. સ્ટડી બુક્સ હું મારા પોકેટમનીમાંથી ખરીદું અને પછીથી એના પૈસા ડેડી પાસેથી મેળવી લઉં. મને જે પોકેટમની મળે છે તે પૈસા હું ક્યાં વાપરું છું તે સવાલો મારાં મમ્મી પપ્પા નથી કરતા. જો કે મારા શોખ બહુ મર્યાદિત છે. મિત્રો સાથે સિટીમાં ફરવું અને સારું ફૂડ ખાવું આના માટે મોટાભાગે પૈસા ખર્ચ કરું. કપડાંનું શોપિંગ પપ્પા કરાવે. હા, મમ્મીપપ્પાની મેરેજ એનિવર્સરી સેલિબ્રેશન કેક હું લઈ આવું. હું કશેક બહાર હોઉં અને કોઈ ગરીબ મારી પાસે પૈસા માંગે તો ખાવાની વસ્તુ લઈ આપું અને તેની જાણ ઘરે જઈને મારી મમ્મીને કરું. મને મારા ઘરની બાલ્કની ગ્રીન ઝોનમાં ફેરવવાની ઈચ્છા છે તો બહુ ઓછી કિંમતમાં મળી જાય તેવા પ્લાન્ટ્સ મારા પોકેટમનીમાંથી ખરીદું. બાદમાં તેના માટે પ્લાન્ટેશન પોટ મમ્મી એમના પૈસાથી ખરીદી લાવે કેમ કે પોટ મોંઘા આવે અને પોકેટમનીની રકમ મારે આખો મહિનો ચલાવવાની હોય અને સેવિંગ પણ કરવાનું હોય એટલે પોટ ખરીદવાનો ખર્ચ મમ્મી પર નાખી દઉં.’’

## ગુલ્લકમાં પૈસાનું સેવિંગ કરે તેમાંથી નાની બેન માટે ચોકલેટ્સ અને ગિફ્ટ લાવે: નિધિ બુંદેલા

પાલ-ભાઠા વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય નિધિબેન બુંદેલા હાઉસ વાઈફ છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી બે દીકરીઓ છે . મોટી દીકરી 15 વર્ષની અને નાની દીકરી 7 વર્ષની છે. મોટી દીકરી જિયાએ હમણાં જ 10મું ધોરણ પાસ કર્યું છે. તેને અમે બે વર્ષથી માત્ર 500 રૂપિયા પોકેટમની આપીએ છીએ. તે ફૂડી છે એટલે તેને મન હોય ત્યારે પોકેટમનીના પૈસાથી ફ્રેન્કી ખાવાનું પસંદ કરે. નાની નાની સ્ટેશનરી જેમ કે પેન છે કે પેન્સિલ ખરીદે. તેની ફ્રેન્ડ્સની બર્થડે હોય તો તેમના માટે ગિફ્ટ ખરીદે. તે થોડા પૈસા બચાવી ગુલ્લકમાં નાખે અને જ્યારે અમારા હસબન્ડ- વાઈફની બર્થડે હોય કે પછી એનિવર્સરી હોય તો ગુલ્લકમાં જમા થયેલા પૈસામાંથી કેક તો અચૂક જ લાવે અને ગિફ્ટ લાવે. તેણે મને પર્સ અને વોચ ગિફ્ટ કરી છે. 500 જ રૂપિયા પોકેટમની આપતા હોઈએ એટલે એમાં શોપિંગ તો શું થવાનું એટલે જિયાને શોપિંગ તો મોટાભાગે હું જ કરાવું. હા, તે તેની નાની બેન માટે ચોકલેટ ખાસ લાવે. એ ગરીબ બાળકોને હેલ્પ કરે. જો કે પૈસા નહીં આપે પણ ખાવાની વસ્તુ લઈ આપે. તે મને હિસાબ આપે કે ક્યાં પૈસા ખર્ચ કર્યા. જો તે હિસાબ આપવાનું ભૂલી ગઈ હોય તો હું પૂછી લઉં. જીયા યોગ્ય દિશામાં જ ખર્ચ કરતી હોય એટલે એ વાતનો મને સંતોષ રહે છે કે પર્ફેક્ટ દિશામાં પૈસા યુટીલાઈઝ થઈ રહ્યા છે.’’









## બોક્સ ક્રિકેટ, પિકલ બોલ રમવા પોકેટમનીમાંથી પૈસા કાઢે: પ્રકાશ બિંદલ

‘‘દીકરાને પોકેટમની 3000 રૂપિયા ફિક્સ છે પણ જરૂરિયાત હોય તો 5 - 7 હજાર રૂપિયા પણ આપું. દીકરો પોકેટમનીના પૈસા કઈ રીતે ખર્ચ કરે છે તે પ્રશ્ન ડાયરેકટલી નથી પૂછતો પણ પૈસા યોગ્ય જગ્યા પર યુટીલાઈઝ કરવા કહું, ખોટી જગ્યા પર પૈસા બરબાદ નહીં કરવાના, પૈસાની વેલ્યુ સમજવા કહું’’ આ શબ્દો છે વેસુ કેનાલ રોડ વિસ્તારમાં રહેતાં 45 વર્ષીય પ્રકાશ બિંદલના. તેઓનું ટેકસટાઇલ પ્રોસેસ યુનિટ છે. તેમણે જણાવ્યું કે મારો 16 વર્ષનો દીકરો નિકુંજ 11મા ધોરણમાં ભણે છે. તે 9મા ધોરણમાં હતો ત્યારથી હું તેને દર મહિને 3000 રૂપિયા ફિક્સ્ડ પોકેટ મની આપું પણ બીજી જરૂરિયાત હોય તો આ રકમ વધારીને 5થી 7 હજાર કરું. નિકુંજ ક્યારેક ટ્યુશન કલાસ કેબથી જાય તો કેબનો ચાર્જ તેના પોકેટમનીથી ચૂકવે. ટ્યુશન ક્લાસની નીચે બધા ફ્રેન્ડ્સ ફાસ્ટ ફૂડ એન્જોય કરે તેના પૈસા પણ તે પોકેટમનીમાંથી ચૂકવે. આ ઉપરાંત તે પિકલ બોલ, બોક્સ ક્રિકેટ, ફૂટબોલ રમવા જાય તેના પૈસા પણ તે આ પોકેટમનીમાંથી જ ચૂકવે. તે પૈસાનું સેવિંગ પણ કરે. સેવ કરેલા પૈસા મારી પાસે જમા કરાવે અને એક નોટબુકમાં નોટ કરીને રાખે કે મારી પાસે કેટલા પૈસા જમા કરાવ્યા. આ પૈસા પછીથી તે તેને જોઈતી કોઈ મોટી રકમની વસ્તુ માટે મારી પાસેથી માંગી લે. તેની બર્થડેના સેલિબ્રેશનનો ખર્ચ હું ઉઠાવું. મારા બર્થડે પર તે મને ગિફ્ટ આપવા માંગે પણ તે બજેટ બહાર હોય ત્યારે તેના ભાઈબહેન બધાં મળીને મને સરસ ગિફ્ટ આપતા હોય કરે.’’

## દીકરો એના પોકેટમનીમાંથી મારા માટે બુક્સ ખરીદે: સ્વાતિ પટેલ

‘‘મારો દીકરો પોકેટમનીનો બહુ સરસ રીતે ઉપયોગ કરે એટલે હું તેની પર બ્લાઇન્ડ ટ્રસ્ટ કરીને તેને પૈસા આપું છું.’’ કાંઈક આ રીતે અડાજણ વિસ્તારમાં રહેતાં 45 વર્ષીય સ્વાતિબેન પટેલે વાતની શરૂઆત કરી. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના બિઝનેસ સાથે સંકળાયેલાં સ્વાતિબેને જણાવ્યું કે, ‘‘મારા 15 વર્ષના દીકરા લક્ષ્યને ક્રિએટિવિટી પાછળ પૈસા ખર્ચ કરવા ગમે છે. હું અને મારા હસબન્ડ ઉમંગ લક્ષ્યને તેની રિકવાયરમેન્ટ પ્રમાણે પૈસા આપીએ. ક્યારેક તેને 1500 રૂપિયા તો ક્યારેક 2000 રૂપિયા પણ પોકેટ મની આપીએ. તેને અંગ્રેજી નોવેલ્સ વાંચવી ગમે. લક્ષ્ય તેના પોકેટ મનીમાંથી દર મહિને એક કે બે નોવેલ્સ તો પરચેસ કરે જ છે. તેની પાસે એક કબાટ ભરાઈ જાય એટલી નોવેલ્સ છે. તેનો શોખ જ અલગ પ્રકારનો હોવાથી મને તેને પોકેટમની આપવું ગમે છે. તેણે હમણાં જ CBSE ધોરણ 10ની બોર્ડ પરીક્ષા 95% માર્કસથી પાસ કરી છે. 10મા ધોરણની સ્ટડી દરમિયાન પણ તેનો નોવેલ વાંચવાનો શોખ પૂરો કરવા સમય કાઢતો હતો. તે સારું ડ્રોઈંગ પણ કરે છે તો ડ્રોઈંગ માટેનાં પેપર, ડ્રોઈંગ પેન્સિલ, કલર માટે પણ પોકેટમનીના પૈસાનો ઉપયોગ કરે છે. તેને રમવાનો શોખ કે ફ્રેન્ડ્સ સાથે કાફેમાં જવાનો શોખ નથી. તે ફૂડી છે એટલે તેને મનગમતું ફૂડ ઘરે લઈ આવીને ખાય. મારી બર્થડે પર પણ તે મને જેમાં ક્રિએટિવિટી દેખાય તેવી ગિફ્ટ આપે છે. તે પોતાના પોકેટમનીમાંથી મારા માટે પણ વાંચવા બુક્સ ખરીદે. હું આઉટ ઓફ કન્ટ્રી જાઉં ત્યારે લક્ષ્ય અને તેની સિસ્ટરને પૈસા આપીને જાઉં. તેઓ એ પૈસા ક્યાં ખર્ચ કરશે તેનો મને ખ્યાલ હોય જ એટલે હું મારાં બંને બાળકો પર બ્લાઇન્ડ ટ્રસ્ટ કરું છું. તે મને પોકેટમનીના પૈસા ક્યાં ખર્ચ કરે તેનો પાઈ પાઈનો હિસાબ આપે.’’



## શોપિંગ નથી કરતી, પોકેટ મનીમાંથી સેવિંગ વધારે કરું: રિધ્ધિ ઝવેરી

રિધ્ધિ પૈસા ખર્ચ કરવા કરતા સેવિંગ કરવામાં માને છે. તેની સિસ્ટર યસ્વી સેવિંગ કરવા કરતાં કપડાનું શોપિંગ વધારે કરે. તેનાં કપડાં રિધ્ધિ લઈ લેતી હોય એટલે રિધ્ધિનો કપડાં પાછળ તો કોઈ ખર્ચ ના થતો હોય. તો તેને પોકેટ મની મળે તેનું શું કરે છે તે વિશે અડાજણ વિસ્તારમાં રહેતી 18 વર્ષની રિધ્ધિએ જણાવ્યું કે, ‘‘મને બે-ત્રણ વર્ષથી મારા ફાધર તરફથી ક્યારેક 500 તો ક્યારેક 1000 રૂપિયા પોકેટ મની મળે. હું બી. ટેક. ના ફર્સ્ટ યરમાં છું. મને જે પોકેટ મની મળે તે ખર્ચ કરવા કરતાં બચત કરવાનું મને ગમે. હું માત્ર સ્ટેશનરી પાછળ ખર્ચ કરું. મને ચોકલેટ પસંદ છે એટલે ચોકલેટ ખરીદવા અને વેફર્સ ખરીદવા પાછળ પૈસા ખર્ચું. મારો એક શોખ એટલે અલગ અલગ જાતનાં શરબત પીવાં મને બહુ ગમે. શરબતની બોટલ્સ લાવવામાં પણ પૈસા વાપરું. મમ્મીપપ્પાની મેરેજ એનિવર્સરી હોય ત્યારે મમ્મીને ડ્રેસ તો પપ્પાને શર્ટ ગિફ્ટ કરું. કેક પણ લઈ આવું. હું કોલેજના ફ્રેન્ડ્સ સાથે મુવી જોવા કે પછી કાફેમાં નથી જતી, તે મને પસંદ પણ નથી. હું દર મહિને થોડું તો સેવિંગ કરું જ. શોપિંગ મમ્મી કરાવે પણ હું શોપિંગ પણ બહુ ઓછું કરું. કપડાં હું મારી સિસ્ટર યસ્વીના પહેરવા લઈ લઉં એટલે જ મને યસ્વી ચીંગુસ કહેતી હોય. મને જે પોકેટ મની મળે તેનું હું શું કરું છું એવો સવાલ મને મમ્મીપપ્પા નથી કરતા કેમ કે તેમને ખબર જ છે હું પૈસાની બચતમાં માનું છું. પૈસા ઉડાવવાનો મને શોખ નથી.’’





## શેરબજારમાં ઇન્વેસ્ટમેન્ટ કરું અને ઓનલાઈન શોપિંગ કરું છું: આરુષિ ક્રિસ્ટી

આરુષિના ફાધર અંકુર ક્રિસ્ટી એક કંપનીમાં ફાયનાન્સ હેડ છે એટલે તેઓ જ્યારે આરુષિને પોકેટમની આપે ત્યારે સાથે સ્ટોક માર્કેટમાં ઇન્વેસ્ટ કરવાની સલાહ આપતા હોય એટલે આરુષિ બને ત્યાં સુધી 1000 રૂપિયા સુધીના શેર ખરીદે. પાલ-ભાઠા વિસ્તારમાં રહેતી 18 વર્ષીય આરુષિ કમ્પ્યુટર સાયન્સની સ્ટડી કરે છે. તેણે જણાવ્યું કે, ‘‘મને મારા ફાધર દર મહિને 5 હજાર રૂપિયાથી વધારે પોકેટમની આપે. પોકેટમનીમાંથી શેરબજારમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાનું પ્રિફર કરું. આ ઉપરાંત કેફેમાં અલગ અલગ ફૂડ એન્જોય કરવા ફ્રેન્ડ્સ સાથે જાઉં ત્યારે પોકેટમનીના પૈસા ખર્ચ કરું. મને કપડાં, પર્સ, સ્કિનકેર પ્રોડક્ટનનું ઓનલાઈન શોપિંગ કરવું ગમે. મારા પોકેટમનીમાંથી જ એક વાર મમ્મીપપ્પાને તેમની મેરેજ એનિવર્સરી પર ફોટોફ્રેમની યાદગાર ગિફ્ટ આપી હતી. તેમની મેરેજ એનિવર્સરી અને બર્થડે પર સરપ્રાઈઝ પ્લાન પણ મારા પોકેટમનીમાંથી કરું. આના માટે હું એક્સ્ટ્રા પૈસા એમની પાસેથી માંગતી નથી. મારા પોકેટમનીમાંથી જ એરેન્જ કરું છું. મારાં મમ્મીપપ્પા મને હું પૈસા ક્યાં ખર્ચ કરું તે પૂછતાં હોય એટલે હું જે ખર્ચ કરું તેને એક નોટબુકમાં નોટ કરી દઉં અને તે બતાવી દઉં. હું તો પાઈ પાઈનો હિસાબ મમ્મીપપ્પાને આપું.’’



બધાં જ પેરેન્ટ્સ તેમનાં બાળકોને પોકેટમની આપે છે એવું નથી. કેટલાંક પેરેન્ટ્સ બાળકોને દર મહિને પોકેટમની આપવા કરતાં તેમને જરૂર હોય ત્યારે જરૂરિયાત પૂરતા પૈસા આપતાં હોય છે. પેરેન્ટ્સ જ્યારે બાળકને પોકેટમની આપવાની શરૂઆત કરે ત્યારે બાળકોને સમજાવવાં જોઈએ કે તેમને કઈ જરૂરિયાત માટે આપી રહ્યાં છે. બાળકોને સમજાવી શકે છે કે આ પોકેટમનીમાંથી તેઓ ખર્ચ અને બચતનું બેલેન્સ કરે. સાપ્તાહિક, પાક્ષિક કે માસિક કોઈ એક અવધિ માટે પોકેટમની નિર્ધારિત કરી શકે છે. મોટા બાળકોને પોકેટમની આપો ત્યારે તેના હાથમાં કેશ મૂકવાની જગ્યાએ તેના બેંક ખાતામાં જમા કરો, જેથી બાળક પૈસાનો ડિજિટલ વ્યવહાર શીખી શકશે અને એટીએમ કાર્ડનો કઈ રીતે ઉપયોગ કરવો તે પણ શીખી શકશે. તેમના બેંક ખાતામાં જમા થતી રકમ વ્યાજ મળતા વધતી દેખાશે એટલે તે ઉત્સાહિત થઈને પૈસાની બચત કરવા પ્રેરિત થશે.